# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે રાજ્યના પ્રવાસે- સેલવાસમાં 2 હજાર 587 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓની ભેટ આપશે.

2) CISF ના 56માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગેના સંબોધનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, CISF નાગરિકોની સલામતી માટે ખડે પગે રહ્યું છે.

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આયર્લેન્ડના રાષ્ટ્રપતિ સાથે બેઠક કરીને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો.

4) મુંબઇમાં 26/11ના આતંકવાદી હુમલાના આરોપી તવ્વુહર રાણાએ ભારતમાં પ્રત્યાર્પણથી બચવા કરેલી અરજીને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ફગાવી.

5) અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો અને કેનેડા પરના જાહેર કરેલા 25 ટકા ટેરિફ એક મહિના માટે મુલતવી રાખ્યો.

....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ તેમજ રાજ્યની આજથી બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.

પ્રધાનમંત્રી આજે સેલવાસની મુલાકાત લેશે અને બપોરે લગભગ 2 વાગે તેઓ નમો હોસ્પિટલ ફેઝ-1નું ઉદ્દઘાટન કરશે. બપોરે લગભગ 2:45 વાગ્યે, તેઓ સેલવાસ ખાતે કેન્દ્રશાસિત પ્રદેશ માટે બે હજાર 580 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન અને ખાતમુહૂર્ત પણ કરશે.

આ કાર્યક્રમ બાદ તેઓ સુરત જશે, જ્યાં તેઓ સાંજે સુરત ફૂડ સિક્યોરિટી સેચ્યુરેશન કેમ્પેઇનનો શુભારંભ કરાવશે. અહીં તેઓ 2 લાખ 30 હજારથી વધારે લાભાર્થીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લાભનું વિતરણ કરશે. આ અંગે સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર વધુ વિગતો આપી રહ્યા છે.

## (VOICE CAST: LOPA DARBAR)

પ્રધાનમંત્રી 8 માર્ચનાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનાં પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસી ગામમાં લખપતિ દીદી કાર્યક્રમમાં સહભાગી થશે અને લખપતિ દીદીઓ સાથે વાતચીત કરશે. તેઓ 5 લખપતિ દીદીઓને લખપતિ દીદી સર્ટિફિકેટથી સન્માનિત પણ કરશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી ગુજરાત સરકારના અંત્યોદય પરિવારની સ્વસહાય જૂથની મહિલાઓને આર્થિકસહાય પૂરી પાડનારા GSAFAL યોજના અને ગ્રામીણ આજીવિકા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય કરનારા G-MAITRI કાર્યક્રમનો શુભારંભ કરાવશે.

# REV. DAY CISF - AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર 2027 માં દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવશે.

થક્કોલમ ખાતે CISF ના 56મા સ્થાપના દિવસ પર બોલતા, તેમણે કહ્યું, CISF રાષ્ટ્ર વિકાસનો એક ભાગ રહ્યો છે અને દેશના લોકોની સુરક્ષા માટે દેશભરના મહત્વપૂર્ણ સ્થાપનો પર સેવા આપી રહ્યો છે. ગૃહમંત્રીએ કહ્યું, તમિલનાડુએ રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને સરકારે રાજાદિત્ય ચોલનના ગૌરવને માન્યતા આપી છે અને CISF પ્રાદેશિક તાલીમ કેન્દ્રનું નામ તેમના નામ પર રાખ્યું છે.

તેમણે તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનની બે વર્ષ સુધી અપીલ કરવા છતાં તમિલ ભાષામાં તબીબી અભ્યાસ શરૂ ન કરવા બદલ ટીકા કરી. તેમણે કહ્યું કે, 2019 થી, સરકારે દેશના અન્ય ભાગોમાં CISF સ્થાપના દિવસ યોજવાનું નક્કી કર્યું છે.

**(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી 2 દિવસ રાજ્યના પ્રવાસે આવશે. 8 માર્ચે તેઓ સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરશે. તેમજ જૂનાગઢ ખાતે બ્રહ્માનંદ વિદ્યાધામમાં વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

નવમી માર્ચના રોજ અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજી મહારાજની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાનું વિમોચન કરશે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ભાગ લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR-IRELAND VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ગઈકાલે આયર્લૅન્ડના રાષ્ટ્રપતિ માઈકલ ડી. હિગિન્સ સાથે મળ્યા હતા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વતી શુભેચ્છાઓ પાઠવી હતી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી જયશંકરે જણાવ્યું કે, બેઠક દરમિયાન તેઓએ ભારત અને આયર્લૅન્ડ વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની ભૂમિકા પર ચર્ચા કરી હતી. તેઓ આયર્લૅન્ડના કેટલાક ટોચના નેતાઓને પણ મળ્યા અને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં તેમના સમર્થનની પ્રશંસા કરી.

વિદેશ મંત્રીએ ડબલિનમાં ટ્રિનિટી કોલેજ ખાતે જનરલ પોસ્ટ ઓફિસ મ્યુઝિયમ અને જૂની લાઇબ્રેરીની પણ મુલાકાત લીધી.

# 26/11 PETITION REJECT

મુંબઇના 26/11 ના મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણા દ્વારા ભારત પ્રત્યાર્પણ અટકાવવાની અરજીને US સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.

પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક તહવ્વુર રાણાએ સ્ટે માટે ઇમરજન્સી અરજી દાખલ કરી હતી. તેમણે પોતાની અરજીમાં દલીલ કરી કે, ભારતમાં તેમનું પ્રત્યાર્પણ અમેરિકાના કાયદાનું ઉલ્લંઘન કરશે. તેની દલીલ હતી કે, જો ભારતમાં પ્રત્યાર્પણ કરવામાં આવશે, તો તેને ત્રાસ આપવાનું જોખમ રહેશે. તેણે અરજીમાં આરોગ્યને લગતી સમસ્યાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેની તમામ દલીલોને નકારીને અમેરિકાની સર્વોચ્ચ અદાલતે તેની અરજીને ફગાવી દીધી હતી.

રાણાના પ્રત્યાર્પણને ગયા મહિને US રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

# FISHERMEN

ગુજરાતના દરિયા કિનારે માછીમારી કરતી વખતે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના ઝાઈ ગામના ચાર માછીમારો એક બોટ દુર્ઘટનામાં ડૂબી ગયા અને બે માછીમારો ઘાયલ થયા. તેમની બોટ અકસ્માતનો ભોગ બની. જ્યારે માછીમારી બોટ 18 ફેબ્રુઆરીએ દસ ખલાસીઓ સાથે ઊંડા સમુદ્રમાં માછીમારી માટે રવાના થઈ હતી.

16 દિવસ માછીમારી કર્યા પછી, કિનારે પરત ફરતી વખતે બોટ અકસ્માતનો ભોગ બની. સ્થાનિક લોકો માંગણી છે કે, વહીવટીતંત્ર તાત્કાલિક આ અકસ્માતની તપાસ કરે અને માછીમારોની સલામતી માટે પગલાં લે.

# TRUMP-TARIFFS

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકોથી થતી ઘણી આયાતો અને કેનેડાથી થતી કેટલીક આયાતો પર 25 ટકા ટેરિફ એક મહિના માટે મુલતવી રાખ્યા છે.

ટ્રમ્પે કહ્યું કે, તેઓ તેમના મેક્સીકન સમકક્ષ ક્લાઉડિયા શેનબૌમ સાથેની વાતચીત પછી, 2 એપ્રિલ સુધી મેક્સીકન આયાતો પર તાજેતરમાં લાદવામાં આવેલા મોટા ટેરિફને સ્થગિત કરી રહ્યા છે. તેમણે તેમના પગલા પાછળનું કારણ તેમના સકારાત્મક સંબંધોને ગણાવ્યું.

ટ્રમ્પે કહ્યું કે, હાલમાં અમેરિકા, મેક્સિકો અને કેનેડા વચ્ચે ઉત્તર અમેરિકન વેપાર ભાગીદારી હેઠળ આવતા વેપાર પર નવા ટેરિફ લાગુ થશે નહીં. બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત બાદ શેનબૌમે ટ્રમ્પના નિર્ણયનું સ્વાગત કર્યું. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે, વેપાર ખાધને સુધારીને ટેરિફનો ઉકેલ લાવી શકાય છે.

# SPACEX EXPLOSION

એલોન મસ્કના સ્પેસએક્સના સ્ટારશીપમાં ટેક્સાસથી લોન્ચ થયાના થોડી મિનિટો પછી વિસ્ફોટ થયો હતો, સ્પેસએકને આ વર્ષે સતત બીજી નિષ્ફળતા મળી હતી.

403 ફૂટનું રોકેટ આજે વહેલી સવારે સફળતાપૂર્વક ઉડાન ભરી ગયું હોત, પરંતુ તેનો ઉપરનો તબક્કો સંપર્ક ગુમાવતા પહેલા નિયંત્રણ બહાર નીકળી ગયો હતો. દક્ષિણ ફ્લોરિડા અને બહામાસ પર કાટમાળ પડતો જોવા મળ્યો હતો.

મંગળ પર  વસવાટ અને નાસાના આર્ટેમિસ મૂન મિશન માટે એલોન મસ્કના વિઝન માટે આ રોકેટ મહત્વપૂર્ણ છે. એક કલાકની ઉડાન પછી સ્પેસશીપ હિંદ મહાસાગર ઉપર પૃથ્વીની ભ્રમણકક્ષામાં ફરીથી પ્રવેશવાનું હતું. ક્રુ વગરનું રોકેટે નિયંત્રણ ગુમાવી દીધું અને એટલાન્ટિક પર વિસ્ફોટ થયો હતો.

# AUSTRALIA-CYCLONE

ઓસ્ટ્રેલિયામાં ઉષ્ણકટિબંધીય ચક્રવાત આલ્ફ્રેડ ગઈકાલે પૂર્વી ઓસ્ટ્રેલિયાના કેટલાક ભાગોમાં ત્રાટક્યું હતું.

આ ચક્રવાત આલ્ફ્રેડ આવતીકાલે ક્વીન્સલેન્ડ કિનારે, સનશાઇન કોસ્ટ પ્રદેશ અને ગોલ્ડ કોસ્ટ શહેરની વચ્ચે લેન્ડફોલ કરે તેવી અપેક્ષા છે. ઉત્તરપૂર્વ ભાગમાં ઉત્તરી નદીઓ પ્રદેશના રહેવાસીઓને સ્થળાંતર કરવા વિનંતી કરવામાં આવી હતી, કારણ કે નદીના સ્તરમાં વધારો અને ભારે વરસાદને કારણે સ્થાનિક જળક્ષેત્રોમાં વ્યાપક પૂર આવવાની ધારણા છે.

ક્વીન્સલેન્ડ અને NSW ના અન્ય શહેરો સહિત બ્રિસ્બેન, ગોલ્ડ કોસ્ટ અને સનશાઇન કોસ્ટના 4 મિલિયનથી વધુ રહેવાસીઓને હવામાન વિભાગ દ્વારા ઔપચારિક ચેતવણી આપવામાં આવી છે.

# PM AWARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોવિડ-19 મહામારી દરમિયાન તેમના વ્યૂહાત્મક નેતૃત્વ અને મૂલ્યવાન સહાયતા બદલ તેમને માનદ ઓર્ડર ઓફ ફ્રીડમ ઓફ બાર્બાડોસ એવોર્ડ એનાયત કરવા બદલ બાર્બાડોસ સરકાર અને લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આ એવોર્ડ 1.4 અબજ ભારતીયો અને ભારત અને બાર્બાડોસ વચ્ચેના ગાઢ સંબંધોને સમર્પિત કર્યો હતો.